# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

## મુખ્ય સમાચાર

(મ્યુઝિક અંડરપ્લે)

1) ઓપરેશન સિંદૂર અંગે રચાયેલાં સાતમાંથી પ્રથમ સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ આજે ચાર દેશો માટે રવાના થશે.

2) 98.2 ટકાના સાક્ષરતા દર સાથે મિઝોરમને સંપૂર્ણ સાક્ષર રાજ્ય જાહેર કરાયું.

3) ગૃહ મંત્રાલયે પદ્મ પુરસ્કારો 2026 માટે 31 જુલાઈ સુધી નામાંકન મંગાવ્યા.

4) રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા માટે 175 અબજ ડોલરના ગોલ્ડન ડોમ મિસાઈલ સંરક્ષણ કવચ કાર્યક્રમની જાહેરાત કરી.

5) IPLમાં,મુંબઈ ઈન્ડિયન્સ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે.

.....................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ALL PARTY DELEGATION

ઓપરેશન સિંદૂર પર વિદેશમાં ભારતના રાજદ્વારી સંપર્ક માટે રચાયેલા સાતમાંથી પ્રથમ સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ આજે ચાર દેશો માટે રવાના થશે. શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ આજે યુએઇ, લાઇબેરિયા, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને સિએરા લિયોન માટે રવાના થશે.

જનતા દળ (યુ) ના સાંસદ સંજય ઝા અને ડી.એમ.કેના સાંસદ કણિમોઝીની આગેવાનીમાં બે પ્રતિનિધિમંડળ આવતીકાલે રવાના થશે. સંજય ઝાના નેતૃત્વ હેઠળનું પ્રતિનિધિમંડળ ઇન્ડોનેશિયા, મલેશિયા, કોરિયા ગણરાજ્ય, જાપાન અને સિંગાપોરની મુલાકાત લેશે, જ્યારે કણિમોઝીના નેતૃત્વ હેઠળનું પ્રતિનિધિમંડળ સ્પેન, ગ્રીસ, સ્લોવેનિયા, લાતવિયા અને રશિયાની મુલાકાત લેશે. બહુપક્ષીય પ્રતિનિધિમંડળ આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાના ભારતના મજબૂત સંદેશનો પ્રચાર કરશે. ગઇકાલે વિદેશ સચિવ વિક્રમ મિશ્રી સાથેની બેઠકમાં મળેલી માહિતી અંગે શ્રી ઝાએ આ મુજબ જણાવ્યું

<u>(BYTE: SANJAY JHA)</u>

બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા શ્રીકાંત શિંદેએ કહ્યું કે, તેમના પ્રતિનિધિમંડળને ભારતમાં ભૂતકાળમાં થયેલા આતંકવાદી હુમલાઓ અને પાકિસ્તાન દેશમાં સરહદ પારના આતંકવાદને કેવી રીતે પ્રોત્સાહન આપી રહ્યું છે તે વિશે માહિતી આપવામાં આવી હતી.

# MIZORAM-LITERACY

મિઝોરમને સંપૂર્ણ સાક્ષર રાજ્ય જાહેર કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી લાલદુહોમાએ આઈઝોલમાં મિઝોરમ યુનિવર્સિટી ખાતે કેન્દ્રીય શિક્ષણ રાજ્ય મંત્રી જયંત ચૌધરીની હાજરીમાં આ જાહેરાત કરી હતી.

આ સિદ્ધિ નવા ભારત સાક્ષરતા કાર્યક્રમ-NILPના અમલીકરણને અનુસરે છે, જેમાં 292 સમર્પિત સ્વયંસેવક શિક્ષકોની મદદથી ત્રણ હજાર 26 નિરક્ષર લોકોની ઓળખ કરીને તેમને શિક્ષિત કરવામાં આવ્યા હતા.

98.2 ટકાના સાક્ષરતા દર સાથે, મિઝોરમની સફળતા તેની મજબૂત સામુદાયિક ભાવના અને સમાવેશી શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# JOSHI LAUNCH

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોષીએ નવી દિલ્હીમાં ડિપોટ દર્પણ, અન્ન મિત્ર અને અન્ન સહાયતા ઍપ્સનો શુભારંભ કરાવ્યો. આ ઍપ્સ ડિજિટલ નવિનતા માટે દેશની ખાદ્ય સલામતીને આગળ વધારવા બાબતે સરકારના ઉદ્દેશને સુસંગત છે.

આ પ્રસંગે શ્રી જોષીએ કહ્યું, ઈ-ગવર્નન્સના સાધન તરીકે આ ઍપ્સ દેશમાં ખેતીના પાયાના માળખા તેમજ જાહેર વિતરણ વ્યવસ્થાને આધુનિક બનાવવામાં મદદરૂપ થશે. તેમણે કહ્યું કે, આ એપ્સ કાર્યક્ષમતા, સેવા ગુણવત્તા, માળખાગત સુવિધા અને કાર્યક્ષમતા વધારવામાં મદદ કરશે.

શ્રી જોષીએ ઉમેર્યું, નવી ટેક્નોલૉજીના માધ્યમથી આ ઍપ્સ પારદર્શક અને જવાબદારીમાં પણ સુવિધા ઉપલબ્ધ કરાવશે. તેમણે છેલ્લી હરોળમાં રહેલા વ્યક્તિને પણ દરેક લાભ પહોંચાડવા મામલે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

## FSSAI

ભારતીય અન્ન સલામતિ અને ધારાધોરણ સત્તામંડળ -FSSAI એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ખોટી પ્રક્રિયાઓ સાથે ફળ પકવનારા એજન્ટો વિરુદ્ધ વિશેષ અભિયાન ચલાવવા તેમજ કૃત્રિમ રંગો અથવા મીણથી ફળોને કોટિંગ કરવા પર પ્રતિબંધ લગાવ્યો છે.

FSSAI એ એક સૂચનામાં તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના ખાદ્ય સુરક્ષા કમિશનર્સ તેમજ FSSAI ના પ્રાદેશિક નિયામકોને કેલ્શિયમ કાર્બાઇડ જેવા રસાયણ સાથે ફળ પકવનારા એજન્ટોના ઉપયોગ સામે ફળ બજારો પર કડક નજર રાખવા વિનંતી કરી છે. FSSAI-એ તમામ ખાદ્ય વ્યવસાય સંચાલકોને સલામત પ્રક્રિયાઓનું પાલન કરવા પણ વિનંતી કરી. સત્તામંડળે જણાવ્યું, ધોરણોનું ઉલ્લંઘન બદલ FSS એક્ટ, 2006 હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરાશે.

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે.

**લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. 23 મે સુધી મંતવ્યો અને વિચાર સ્વીકારવામાં આવશે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# NADDA CHEMICAL INDUSTRY

**કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ અર્થતંત્રમાં દેશના રસાયણ ક્ષેત્રની નિર્ણાયક ભૂમિકા અંગે ચર્ચા કરવા માટે ભારતીય રસાયણ પરિષદના પ્રતિનિધિમંડળ સાથે બેઠક યોજી હતી.**

**એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી નડ્ડાએ જણાવ્યું કે, 2040 સુધીમાં રસાયણ ઉદ્યોગને 220 અબજ ડોલરથી વધારીને એક ટ્રિલિયન ડોલર કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ બેઠકમાં આ ક્ષેત્રના ત્રણ પડકારો પર ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીએ પ્રતિનિધિમંડળના સભ્યોને ખાતરી**

આપી કે, સરકાર તેમની ફરિયાદોનું સમાધાન કરવા માટે પ્રતિબદ્ધ છે અને રસાયણ ઉદ્યોગને શક્ય તમામ મદદ કરવા તૈયાર છે.

# PADMA AWARDS-NOMINATIONS

ગૃહ મંત્રાલયે પદ્મ પુરસ્કારો 2026 માટે નામાંકન મંગાવ્યા છે. નામાંકન રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા 31 જુલાઈ સુધી ઓનલાઈન જમા કરાવી શકાય છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, નામાંકનમાં ઉપરોક્ત પોર્ટલ પર ઉપલબ્ધ ફોર્મેટમાં નિર્દિષ્ટ તમામ સંબંધિત વિગતો હોવી જોઈએ, જેમાં વર્ણનાત્મક સ્વરૂપમાં પ્રશસ્તિપત્રનો સમાવેશ થાય છે. સંબંધિત ક્ષેત્રોમાં ભલામણ કરાયેલા લોકોની વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓને સ્પષ્ટ રીતે રજૂ કરવાની રહેશે.

પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મશ્રી, દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાં સામેલ છે. 1954માં સ્થપાયેલા આ પુરસ્કારોની જાહેરાત દર વર્ષે પ્રજાસત્તાક દિવસ નિમિત્તે કરવામાં આવે છે.

# US-GOLDEN DOME

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા માટે 175 અબજ ડોલરના ગોલ્ડન ડોમ મિસાઈલ સંરક્ષણ કવચ કાર્યક્રમની જાહેરાત કરી છે. આ મહત્વાકાંક્ષી કાર્યક્રમ ચીન અને રશિયાથી સંભવિત ખતરાને કાબૂમાં લેવાના હેતુથી શરૂ કરવામાં આવી રહ્યો છે. અમેરિકન સ્પેસ ફોર્સના જનરલ માઈકલ ગેટલીનને આ કવચનાં વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ગઈકાલે રાત્રે વ્હાઇટ હાઉસમાં પત્રકાર પરિષદમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે, ગોલ્ડન ડોમ અમેરિકાને લાંબા અંતરની મિસાઇલોથી બચાવશે. આ પહેલ ઇઝરાયલના સંરક્ષણ કવચ આયર્ન ડોમથી પ્રેરિત છે પરંતુ તે પ્રમાણમાં વધુ વિશાળ છે. ગોલ્ડન ડોમ દ્વારા સેંકડો મિસાઇલ તૈનાત કરી શકાય છે. આ પ્રોજેક્ટ ટ્રમ્પના કાર્યકાળ જાન્યુઆરી, 2029 સુધી પૂર્ણ થઈ જશે. શ્રી ટ્રમ્પે જણાવ્યું કે, કેનેડાએ પણ આ યોજનામાં જોડાવા રસ દર્શાવ્યો છે.

# MARKET

વૈશ્વિક વેપાર વાતાવરણમાં અનિશ્ચિતતા અને ઊંચા સ્તરે નફો નોંધાવવાને કારણે ગઈ કાલે શેરબજારમાં ઘટાડો નોંધાયો. ઓટો, એફ.એમ.સી.જી અને નાણાકીય શેરોમાં નબળાઇને કારણે મુખ્ય સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં એક ટકાથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો.

વ્યાપક બજાર સૂચકાંકો પણ નુકસાન સાથે બંધ થયા હતા. બીએસઈ મિડ-કેપ ઇન્ડેક્સ 1.5 ટકા અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ 0.9 ટકા ઘટ્યો હતો.

પ્રસ્તુત છે એક અહેવાલઃ

<u>(VOICE CAST: MARKET)</u>

# IPL CRICKET

આઈપીએલ ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સે ગઈકાલે રાત્રે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સને છ વિકેટે હરાવ્યું. 188 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સે 17.1 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કર્યો. રાજસ્થાન રોયલ્સ તરફથી યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ 33 બોલમાં 57 રન બનાવ્યા હતા. ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રવિચંદ્રન અશ્વિને બે વિકેટ ઝડપી હતી.

અગાઉ રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી. ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 187 રન બનાવ્યા હતા. આયુષ મ્હાત્રેએ સૌથી વધુ 43 રન બનાવ્યા હતા. રાજસ્થાન રોયલ્સ તરફથી યુધવીર સિંહ ચરક અને આકાશ મધવાલે 3-3 વિકેટ ઝડપી હતી. આકાશ મધવાલને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

આજે સાંજે 7:30 વાગ્યે મુંબઈ ઈન્ડિયન્સ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજના અખાબારોના મુખ્ય સમાચાર પર નજર કરીએ તો

1) આજના મોટાભાગના અખાબારોએ વકફ બિલ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી અને કોરોનાના કેસમાં વધારો થયાના સમાચાર હેડલાઇન્સમાં છે.

   અખબારો અનુસાર જોઇએ તો

2) ગુજરાત સમાચારે સુપ્રીમ કોર્ટના હવાલાથી લખ્યું છેક  વકફ કાયદાથી બંધારણ ભંગના પુરાવા આપો

3) સંદેશે સુપ્રીમ કોર્ટના નિરીક્ષણ સાથે  બંધારણના ઉલ્લંઘનના નક્કર પુરાવા હોય તો જ અમે હસ્તક્ષેપ કરીશુ તેવી હેડલાઇન બનાવી છે.

4) ફૂલછાબ દૈનિકે ફરી ભારતમાં કોરોનાથી ફફડાટના સમાચારની હેડલાઇન બનાવી છે

5) જ્યારે દિવ્ય ભાસ્કેરે આઇપીએલની ફાઇનલ મેચ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે તેને મુખ્ય સમાચાર બનાવ્યાં છે..

6) નવગુજરાત સમયે લખ્યું છે કે ચોમાસા પૂર્વે અનેક રાજ્યોમાં તોફાની વરસાદમાં 12નાં મોત

7) રાજ્ય અને સ્થાનિકસમાચારમાં તમામ અખબારોએ ચંડોળા તળાવ પરના ગેરકાયેદ દબાણો દૂર કરવાના, કમોસમી વરસાદ અને પ્રધાનમંત્રી નરેદ્ર મોદીના ગુજરાત પ્રવાસના સમાચાર કવર કર્યા છે..